# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૪/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## ચેમ્બરની સીજીએસટી એન્ડ સેન્ટ્રલ એકસાઇઝના પ્રિન્સીપલ કમિશનરને ITC 04 ને રદ કરવા, રીફંડ ચૂકવવા અને ઇન્ડસ્ટ્રીના જીએસટી સહિતના વિવિધ પડતર પ્રશ્નોના નિરાકરણ અંગે રજૂઆત

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ સવારે સીજીએસટી એન્ડ સેન્ટ્રલ એકસાઇઝની ઓફિસે પ્રિન્સીપલ કમિશનર સુશ્રી રેશમાબેન લાખાણીને ચેમ્બરના પ્રતિનિધીઓ તેમજ વેપાર – ઉદ્યોગના આગેવાનો મળ્યા હતા. ચેમ્બરના નેજા હેઠળ પ્રિન્સીપલ કમિશનરને જીએસટી અંગે કેન્દ્ર સરકારને રજૂઆત કરવા અંગેના મુદ્દાઓની તથા સ્થાનિક વિભાગ સાથેની મુશ્કેલી નિવારવા અંગે રજૂઆતો કરવામાં આવી હતી.

કેન્દ્ર સરકારને લગતા મુદ્દાઓમાં મુખ્યત્વે વાર્ષિક પત્રકની મુશ્કેલીઓ નિવારવા, નિયમિત પત્રકો અંગે સમય મર્યાદાને ૧૦/૨૦ દિવસને બદલે ૩૦ દિવસ કરવા, રિવાઇઝ્ડ રીટર્નની જોગવાઇ કરવા, ITC 04 ને રદ કરવા, ITC નું મેચીંગ સરકાર દ્વારા જ કરવામાં આવે, સપ્લાયરના વાંકે મેળવનારની ITC નામંજૂર નહીં કરવી, ITC અંગે કલીયરીંગ હાઉસ ઉભું કરવા, સપ્લાયના સમય અંગેની તથા બિન નોંધાયેલ વેપારી પાસેથી મેળવેલા સપ્લાય પર વેરો ભરવાની જોગવાઇ રદ કરવા વિગેરે બાબતોની રજૂઆત કરવામાં આવી હતી.

જયારે સ્થાનિક વિભાગ સાથેની મુશ્કેલીઓ નિવારવા માટે ગુજરાત હાઇકોર્ટના શબનમ ટેક્ષ્ટાઇલ, સાઉથ ગુજરાત વોર્પ નીટર્સ એસોસિએશન અને ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ એસોસિએશન (ફોગવા)ના ચૂકાદાનું પાલન કરી ITC રિવર્સ નહીં કરી હોય તો પણ વિવર્સને રીફંડ ચૂકવવા, રિવર્સ કરેલી ITC અને ચૂકવેલ વ્યાજનું વિવર્સને

રીફંડ આપવું, રીફંડ અંગે GSTR 2A માં તમામ બીલોને બદલે માત્ર નહી દેખાતા બીલોની જ ઝેરોક્સ માંગવા અને ત્રિમાસિક ધોરણે ઓપન હાઉસ યોજવા વિગેરે બાબતોની રજૂઆત કરવામાં આવી હતી.

પ્રિન્સીપલ કમિશનર સુશ્રી રેશમાબેન લાખાણીએ કેન્દ્ર સરકારને રજૂઆત અંગેના મુદ્દાઓ તેઓ વિભાગ તરફથી સરકારને મોકલી આપશે તેમ જણાવ્યુ હતુ. વિવર્સના રીફંડ અંગેનો મુદ્દો સબજયુડીશ હોઇ અને વિભાગ સુપ્રિમ કોર્ટમાં જનાર હોવાથી લીગલ સેલનો અભિપ્રાય મેળવી કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યુ હતુ. ચેમ્બર દ્વારા કરાયેલી અન્ય રજૂઆતો અંગે લાગતા વળગતા અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેમ તેમણે વધુમાં જણાવ્યુ હતુ.